ઈ-મેઇલ મેસેજ

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૬૩/૨૦૨૫ તા.૦૨/૦૬/૨૦૨૫

**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૬/૦૫/૨૦૨૫ થી તા.૦૧/૦૬/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- પો.સ્ટે.માં ખોવાયેલ બાળકો માટે ઝુબેશ હાથ ધરવામા આવેલ હોય તે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવામાં આવ્યુ હોયઃ-**

(૧) ઉદ્યોગનગર પો.સ્ટે. પાર્ટ–A, ૦૩૨૨/૨૦૨૫ B.N.S. ક. ૧૩૭(૨), ૮૭ મુજબ, તા.૨૬/૫/૨૦૨૫ મુજબ ના કામે અપહરણ થનાર તારાબેન D/O પરબતભાઇ પરમાર ઉ.વ. ૧૩ વર્ષ, ૦૯ માસ, ૧૯ દિવસ રહે. ખાપટ નવાપરા ગણેશ પાનની બાજુમાં, પોરબંદર વાળીને તા.૨૬/૦૫/૨૦૨૫ ના ક. ૧૪/૩૦ વાગ્યાના અરશામાં જુનાગઢ બસ સ્ટેન્ડથી ઉદ્યોગનગર પો.સ્ટે. ના ડી-સ્ટાફ દેવેન્દ્રસિંહ ધીરૂભા તથા LR ભૌતિકભાઇ બારડ નાઓએ શોધી કાઢેલ છે.

(૨) ઉદ્યોગનગર પો.સ્ટે. જા.જોગ રજી.નં.૧૪/૨૦૨૫, તા.૨૫/૫/૨૦૨૫ મુજબ ના કામે ગુમ થનાર રીનાબેન W/O રેણુભાઇ વેજાભાઇ ચાવડા ઉ.વ. ૩૦ વર્ષ, રહે.ઘાસ ગોડાઉન પાછળ પ્રાથમીક શાળા વિસ્તાર મફતીયા પરા, પોરબંદર વાળીને તા.૨૯/૫/૨૦૨૫ ના ક.૧૨/૦૦ વાગ્યાના અરશામાં ઉદ્યોગનગર પો.સ્ટે. HC પી.ડી.સરવૈયા નાઓએ રાણા ખીરસરા ગામથી શોધી કાઢેલ છે.

(૩) ઉદ્યોગનગર પો.સ્ટે. જા.જોગ નં.૧૨/૨૦૨૫ તા.૨૪/૦૫/૨૦૨૫ મુજબ ના કામે ગુમ થનાર ભાવીકાબેન D/O મધુભાઇ મઢવી ઉ.વ. ૩૬ વર્ષ, રહે.બોખીરા વાછરાડાડાના મંદિર સામે, રામદેવ પાર્ક પોરબંદર તા.જી.પોરબંદર વાળીને તા.૩૧/૦૫/૨૦૨૫ ના ક.૧૨/૩૦ વાગ્યાના અરશામાં ઉદ્યોગનગર પો.સ્ટે.ના ULR યશપાલસિંહ ગજેન્દ્રસિંહ ઝાલા નાઓએ રાજકોટથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૩:- ટ્રાફીક અંગેના કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હોય**

**<u>મહીલા પો.સ્ટેઃ-</u>**

તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ભાવસિંહજી હોસ્પિટલમાં નસામુક્તી ડ્રાઇવ ચાલતી હોય, જે અનુસંધાને પુરુષોને ભેગા કરીને વ્યસનમુક્તિ કાર્યક્રમમાં સમજાવેલ કે, તમાકુ, ગુટકા, મસાલા જેવી નસીલી ચીજો ન ખાવાની સમજ કરેલ, તેમજ ડ્રગ્સ, ચરસ ગાંજો જેવી નસીલી ચીજો થી દુર રહેવું કારણ કે આવા નસીલા પદાર્થોથી કેન્સર જેવી બીમારી થવાની શક્યતા રહેવાની. જેથી આ નસીલા પદાર્થોથી દુર રહેવું તેમજ તમારા બાળકો આવા નસીલા પદાર્થોનો શીકાર ન થાય તેનું ધ્યાન રાખવું. તેવી સમજ કરેલ તથા ચોપાટી વિસ્તારમાં વાહન ચેકીંગ દરમ્યાન ભાઇઓને ટ્રાફિક અવેરનેશ અંગેની મહીતી આપી જેમાં ટ્રાફિક નિયમન માર્ગ સુરક્ષા માટેના સોનેરી નિયમો અંગે માર્ગદર્શન આપેલ. તેમજ ટુ વ્હીલ વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવા નાગરિકોને અપીલ કરેલ તેમજ રોંગ સાઈડ ડ્રાઇવિંગ કદી ન કરો તેમજ વાહન ચલાવતી વખતે ક્યારેય મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા અપીલ કરી તેમજ કોઈ પણ પ્રકારનો નશો કરી વાહન ન ચલાવવું તેમજ વાહન ચલાવતી વખતે વાહનના આર.ટી.ઓ. લગત દસ્તાવેજો સાથે રાખવા તેમજ 18 વર્ષથી નાની વયના બાળકોને લાઇસન્સ વગર વાહન ચલાવવા ન આપવા તેમજ ટ્રાફિક ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તમામ ભાઈઓને નમ્ર અપીલ કરેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

**<u>કમલાબાગ પો.સ્ટેઃ-</u>**

(૧) તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ભાવજીસિંહજી હોસ્પીટલ પોરબંદર ખાતે આશરે ૧૫ જેટલા મહિલાઓને કમલાબાગ પો.સ્ટે.ની શી ટીમ ના કર્મચારીઓએ ૧૮૧ હેલ્પલાઇન વિશે તથા નવા કાયદાઓ વિશે તથા ગુડ ટચ બેડ ટચ વિશે તથા મહિલા લગત કાયદાઓ વિશે તથા ૧૦૦ નંબર વિશે તથા ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે તથા ટ્રાફિક વિશે તથા પોક્સો એક્ટ વિશે સમજ આપવામા આવેલ હતી.

(૨) તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ રૂપાળીબા લેડી હોસ્પીટલ પોરબંદર ખાતે આશરે ૨૦ જેટલા મહિલાઓને કમલાબાગ પો.સ્ટે.ની શી ટીમ ના કર્મચારીઓએ ૧૮૧ હેલ્પલાઇન વિશે તથા નવા કાયદાઓ વિશે તથા ગુડ ટચ બેડ ટચ વિશે તથા મહિલા લગત કાયદાઓ વિશે તથા ૧૦૦ નંબર વિશે તથા ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે તથા ટ્રાફિક વિશે તથા પોક્સો એક્ટ વિશે સમજ આપવામા આવેલ હતી.

(૩) તા.૩૦/૦૫/૨૦૨૫ કમલાબાગ પોલીસ સ્ટેશનની શી-ટીમના ઇન્ચાર્જ તથા ૧૮૧ હેલ્પલાઇનના કર્મચારીઓ તથા મહિલા સહાયતા કેન્દ્રના કર્મચારી તેઓએ તા.૩૦/૦૫/૨૦૨૫ ના ક.૧૬/૦૦ વાગ્યે ગુરૂકુળ ઇગ્લીંશ મીડીયમ પોરબંદરના આશરે ૧૫ જેટલી વિદ્યાર્થીનીઓ કમલાબાગ પોલીસ સ્ટેશનની મુલાકાત લેવા માટે આવેલ તેઓને ગુડ ટચ બેડ ટચ વિશે તથા મહિલા લગત કાયદાઓ વિશે તથા સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ વિશે તથા ૧૮૧ તથા ૧૦૦ હેલ્પલાઇન વિશે તથા નવા કાયદાઓ તથા પોક્સો એક્ટ વિશે તથા ટ્રાફિક લગત માહીતી આપવામા આવેલ.

<u>મહીલા પો.સ્ટેઃ-</u>

(૧) તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા લેડી હોસ્પિટલમાં જઈ ત્યાં સારવાર અર્થે આવેલ મહીલાઓની મુલાકાત લઈ હોસ્પિટલ તરફથી કે હોસ્પિટલના સ્ટાફ તરફથી કોઈ હેરાન કે કરતા નથી તેમજ મહિલાઓ ને સુરક્ષા સબંધે ૧૦૦ નંબર તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ તેમજ મહિલાઓને ઘરેલું હિંસા તેમજ શારીરિક માનસિક દુઃખ ત્રાસ તેમજ કોઈ પજવણી કરે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવાનું જણાવેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર ૧૯૩૦ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

(૨) તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારી દ્વારા મેઈન બજાર ડ્રીમલેન્ડ ટોકીઝ પાસે આવેલ બોમ્બે મેકઅપ બજાર સેલ તેમજ હિંગળાજી સેલમાં નોકરી કરતી મહિલાની મુલાકાત લીધેલ અને નોકરી પૂરી કરી પોતે ઘરે જાય છે ત્યારે રસ્તામાં તેને કોઈ હેરાન પરેશાન કરતું નથી ને જેના વિશે પુછતાજ કરેલ. તેમજ કાયદાકીય માર્ગદર્શન આપેલ. તેમજ હોસ્પિટલની મુલાકાત લીધેલ જેમાં મનન મેટરનીટી હોસ્પિટલ તેમજ રિધ્ધિ હોસ્પિટલ જઈને હોસ્પિટલના રજીસ્ટરો ચેક કરેલ. તેમજ હોસ્પિટલમાં ગર્ભજાતી પરીક્ષણ (બાબો કે બેબી ની તપાસ) કરવામાં આવતી નથી ને તે બાબતે હોસ્પિટલની મુલાકાત લીધેલ તેમજ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ બહેનોને ગર્ભજાતિ પરીક્ષણ કરાવવું તે ગેરકાયદેસર છે જે ગુનો બને છે જે બાબતની કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ મહિલાઓને ઘરેલુ હિંસા પતિ કે સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ બેહનોને આપવામાં આવે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અને મહિલા હેલ્પલાઇન 181 માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ.

(૩) તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા કીર્તિમંદિર રોડ પર રતી જવેલર્સ શોપમાં કામ કરતી મહીલાની મુલાકાત લઈ તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષીત પહોંચે છે કે કેમ તે બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ. તેમજ રાત્રીના સમયે રસ્તામાં તેમને કોઈ પરેશાન કરતું નથી ને તેમજ જો તેમને રસ્તામાં જતી વખતે કોઈ મુશ્કેલી પડે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવેલ. તેમજ મહિલા હેલ્પલાઇન ૧૮૧ માં કોલ કરી મદદ લેવા માહિતગાર કરેલ જે બાબતેની કાયદાકીય માહિતી આપેલ.

(૪) તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ભાવસિંહજી હોસ્પિટલમાં નસામુકતિ ડ્રાઇવ ચાલતી હોય જે અનુસંધાને પુરુષોને ભેગા કરીને વ્યસનમુક્તિ કાયેંકમમાં ભાઇ ઓને સમજાવેલ કે, તમાકુ, ગુટકા, મસાલા જેવી નસીલી ચીજો ન ખાવાની સમજ કરેલ તેમજ ડ્રગ્સ, ચરસ ગાંજો જેવી નસીલી ચીજોથી દુર રહેવું કારણ કે આવા નસીલા પદાર્થોથી કેન્સર જેવી બીમારી થવાની શક્યતા રહેવાની જેથી આ નસીલા પદાર્થોથી દુર રહેવું તેમજ તમારા બાળકો આવા નસીલા પદાર્થોનો સીકાર ન થાય તેનું ધ્યાન રાખવું તેવી સમજ કરેલ તથા ભાઇઓને ટ્રાફિક અવરનેશ અંગેની મહીતી આપેલ.

(૫) તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા માણેકચોક વિસ્તાર બજારમાં ખરીદી કરવા નીકળેલ મહિલા ઓને એકત્રી કરી મહિલા જાગૃતિ નો કાર્યક્રમ કરેલ જેમાં ઘરેલુ હિંસા મહિલાઓ ઉપર સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપે તો મહિલા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા

માર્ગદર્શન આપેલ તેમજ મહિલા હેલ્પલાઇન 181 વિશે જરૂરી માહિતી આપેલ તેમજ સાઇબર ક્રાઇમ નો ભોગ બનો તો 1930માં ફોન કરી પોલીસ મદદ મેળવવા કાયદાકીય માહિતી આપેલ માહિતી આપેલ.

(૬) તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની કચેરી નંબર આર બી /COTPA/ડ્રાઇવ/1682/2025 તારીખ 28/5/2025 ડ્રાઇવ અન્વયે લીમડા ચોક, શાક માર્કેટ વિસ્તાર ડ્રાઇવ સબબ પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન પાનની દુકાનના ગલ્લે ઉભેલ ભાઈઓને એકઠા કરી સુચના કરી માહિતી આપેલ કે,( જાહેર સ્થળોએ ધૂમ્રપાન ઉપર પ્રતિબંધ છે) તેમજ સ્કૂલ, કોલેજો, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન વિગેરે સ્થળોએ ગેરકાયદેસર સિગરેટ તથા તમાકુના ઉત્પાદનનો વેપાર કરવાથી આવી પ્રવૃત્તિના કારણે વિદ્યાર્થીઓ કોલેજીયન યુવા ધન વ્યસન કરવા તરફ આકર્ષણ થાય છે જે લોકોના આરોગ્ય માટે હાનિકારક છે આથી જે કોઈ વ્યક્તિ જાહેર સ્થળે એટલે કે શાળા કોલેજો બસ સ્ટેન્ડ રેલવે સ્ટેશન વગેરે સ્થળે ગેરકાયદેસર સિગરેટ તથા તમાકુના ઉત્પાદનનોનું વેચાણ કરતો મળી આવશે તો તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેના વિશે સુચના આપી તેમજ ભાઈઓને તમાકુ ગુટખા મસાલાનું સેવન ન કરવા સલાહ આપી તેમજ તમાકુ સિગારેટ ગુટકા ખાવાથી કેન્સર જેવા ભયંકર રોગ થાય છે તો આવા નશીલા પદાર્થોનુ સેવન કરવું ન જોઈએ જે માણસને વિનાશ તરફ લઈ જાય છે જેનાથી માણસનું પતન થાય છે જે વિશે જરૂરી માહિતી આપી આવા વ્યસનથી દૂર રહેવા ભાઈ ઓને અપીલ કરેલ.

(૭) તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા સુદામા ચોક વિસ્તાર ડ્રાઇવ સબબ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન રીક્ષા સ્ટન્ડએ ઉભેલ ભાઈઓને એકઠા કરી સુચના કરી માહિતી આપેલ કે,( જાહેર સ્થળોએ ધૂમ્રપાન ઉપર પ્રતિબંધ છે) તેમજ સ્કૂલ, કોલેજો, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન વિગેરે સ્થળોએ ગેરકાયદેસર સિગરેટ તથા તમાકુના ઉત્પાદન નો વેપાર કરવા થી આવી પ્રવૃત્તિ ના કારણે વિદ્યાર્થીઓ કોલેજીયન યુવા ધન વ્યસન કરવા તરફ આકર્ષણ થાય છે જે લોકોના આરોગ્ય માટે હાનિકારક છે આથી જે કોઈ વ્યક્તિ જાહેર સ્થળે એટલે કે શાળા કોલેજો બસ સ્ટેન્ડ રેલવે સ્ટેશન વગેરે સ્થળે ગેરકાયદેસર સિગરેટ તથા તમાકુના ઉત્પાદનનો નું વેચાણ કરતો મળી આવશે તો તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેના વિશે સુચના આપી તેમજ ભાઈઓને તમાકુ ગુટખા મસાલા નું સેવન ન કરવા સલાહ આપી તેમજ તમાકુ સિગારેટ ગુટકા ખાવાથી કેન્સર જેવા ભયંકર રોગ થાય છે તો આવા નશીલા પદાર્થો નુ સેવન કરવું ન જોઈએ જે માણસ ને વિનાશ તરફ લઈ જાય છે જેનાથી માણસનું પતન થાય છે જે વિશે જરૂરી માહિતી આપી આવા વ્યસનથી દૂર રહેવા ભાઈ ઓને અપીલ કરેલ.

(૮) તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા તથા 181 સ્ટાફ સાથે સંકલનમાં રહી પ્રજાપતિ કુંભાર જ્ઞાતિની વાડીએ મહિલાઓ સત્સંગ કરવા ભેગા થયેલ ત્યાં જઈને મહિલા જાગૃતિનો કાર્યક્રમ કરેલ. જેમાં ઘરેલુ હિંસા મહિલાઓ ઉપર સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ તેમજ મહિલા હેલ્પલાઇન 181 વિશે જરૂરી માહિતી આપેલ તેમજ સાઇબર ક્રાઇમનો ભોગ બનો તો 1930 માં ફોન કરી પોલીસ મદદ મેળવવા કાયદાકીય માહિતી આપેલ માહિતી આપેલ.

(૯) તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા એમ.જી. રોડ પર ટ્યુશન ક્લાસમાંથી પૂર્ણ કરી ઘરે પરત ફરતી વિદ્યાર્થીનીઓને પોતાની સુરક્ષા વિશે કાયદાકીય માર્ગદર્શન આપેલ કે તમો શાળા/ટ્યુશન ક્લાસમાં આવતા /જતા રસ્તામાં તમોને કોઈ આવારા તત્વો / ટપોરી અથવા રોમિયોગીરી કરતો ઈસમ તમને હેરાન પરેશાન કરે તો સુરક્ષા સબંધે 100 નંબર પોલીસ મદદ માટે ફોન કરીને પોલીસ મદદ મેળવા માર્ગદર્શન આપેલ. તેમજ 181 મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર 1930 સાયબર ક્રાઇમ અંગે જરૂરી માર્ગદર્શન આપેલ.

(૧૦) તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ગાંધી પાર્ક ખાતે સંચાલક શ્રી કિરણભાઈ ઠાકવાણી એ સમર યોગ કેમ્પ 2025 નું આયોજન ગુજરાત રાજ્ય યોગ બોર્ડ રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સમર કેમ્પનું આયોજન કરેલ જેમાં આશરે 130 બાળકો 18 વર્ષથી નીચેના વિદ્યાર્થીની બહેનો /બાળકોઓએ ભાગ લીધેલો આ સમર કેમ્પ ના સંચાલક શ્રી કિરણબેન થાકવાણી એ તેઓના ગ્રુપના આયોજકો દ્વારા આ સમર કેમ્પનું આયોજન કરેલ હોય. ત્યાં જઈને અમોએ બાળકીઓને ગુડ ટચ બેડ ટચ જરૂરી માહિતી વિશે તેમજ સેલ્ફ ડીફરેન્સ વિશે માહિતી આપેલ. તેમજ 181 મહિલા હેલ્પલાઇન તથા 100 નંબર પોલીસની મદદ માર્ગદર્શન આપેલ તેમજ રસ્તામાં કોઈ આવારા તત્વો કે ટપોરી/ રોમિયો ગીરી કરતા કોઈ ઈસમ હેરાન પરેશાન કરે તો સુરક્ષા સબંધે 100 નંબર પોલીસ મદદ માટે અને 181 મહિલા હેલ્પલાઇનમાં ફોન કરી જાણ કરવા માહિતી આપેલ તેમજ વિદ્યાર્થીની બહેનોને ખાસ માહિતીએ પણ આપેલ કે ટ્યુશન ક્લાસ કે સ્કૂલે થી છુટ્યા બાદ ઘરે જવા માટે તમો લોકો અપ ડાઉન બસ કે રિક્ષામાં મુસાફરી કરો છો તે દરમ્યાન તમારી સાથે વાહનમાં તમારી બાજુમાં બેસેલો કોઈ ઈસમ તમારી સાથે છેડતી કે અડપલાં કરે તો તમારો બચાવ કરવા માટે તમારી પાસે રહેલ સ્કુલ દફતર/ બેગ

અથવા પાણીની વોટરબેગ મારફત ધક્કો મારી છેડતી કરતા ઇસમથી બચવા પોતાનો સ્વ બચાવ કરી શકો છો આવા બનાવો કોઈ સાથે બને તો ઘરે જઈ તમારા વાલીને તમારી સાથે થયેલ બનાવની જાણ કરવી તેમજ આવું કૃત્ય કરનાર ઇસમ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાવવી ભોગ બનનારનું નામ ગુપ્ત રાખવામાં આવે છે આવા કૃત્ય કરનારા ઈસમ વિરોધ કાયદેસરની કાર્યવાહી કરાવવા માર્ગદર્શન આપેલ તેમજ પોકસો એકટ કાયદા વિશે માહિતી આપેલ તેમજ 1930 સાયબર ક્રાઇમ અંગે જરૂરી માર્ગદર્શન આપેલ.

(૧૧) તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા સિદ્ધાર્થ મેટરનીટી હોસ્પિટલ જઈને હોસ્પિટલના રજીસ્ટરો ચેક કરેલ. તેમજ હોસ્પિટલમાં ગર્ભજાતિ પરીક્ષણ (બાબો કે બેબી ની તપાસ) કરવામાં આવતી નથી ને તે બાબતે હોસ્પિટલની મુલાકાત લીધેલ. તેમજ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ બહેનોને ગર્ભજાતિ પરીક્ષણ કરાવવું તે ગેરકાયદેસર છે જે ગુનો બને છે જે બાબતની કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ મહિલાઓને ઘરેલુ હિંસા પતિ કે સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ કોઈ બેહનોને આપવામાં આવતુ હોય તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અને મહિલા હેલ્પલાઇન 181 માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ.

(૧૨) તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ગોઢાણીયા કોલેજ રોડ પર નોકરી કરતી મહિલા રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષીત પહોંચે છે કે કેમ તે બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ.તેમજ રાત્રી ના સમયે રસ્તામાં તેમને કોઈ પરેશાન કરતું નથી ને તેમજ જો તેમને રસ્તામાં જતી વખતે કોઈ મુશ્કેલી પડે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવેલ તેમજ મહિલા હેલ્પલાઇન ૧૮૧ માં કોલ કરી મદદ લેવા માહિતગાર કરેલ જે બાબતેની કાયદાકીય માહિતી આપેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર 1930 અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

(૧૩) તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા નશા અને આબકારી ખાતાના સભ્ય શ્રીમતી નિમિષાબેન જોશી તથા શ્રીમતી કિર્તીબેન પુરોહિત પૂર્વ CWG સભ્ય તથા મહિલા અગ્રણી શ્રીમતી ઉષાબેન મોઢા સાથે સંકલનમાં રહીને બિરલા ફેક્ટરી પાછળ આવેલ સોરઠના દંગામાં ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને સ્ત્રીઓ તથા બાળકોને એકઠા કરી વર્લ્ડ ટોબેકો ડે ની પૂર્વ સંધ્યાએ લોકોને વ્યસન ન કરવા તેમજ તમાકુ ગુટકા ઓનુ સેવન ન કરવા બાબતે સલાહ આપી તમાકુ અને ગુટકાનું સેવન કરવાથી કેન્સર જેવા ભયંકર રોગ થાય છે જેનાથી માણસનું મૃત્યુ પણ થાય છે જે વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી. તેમજ મહિલા ઓ ને ઘરેલુ હિંસા નારી સશક્તિ કરણ તેમજ સરકારી યોજનાઓ વિશે પણ માહિતી આપેલ તેમજ નાની બાળકીઓને ગુડ ટચ બેડ ટચ વિશે જરૂરી માહિતી આપેલ તેમજ સેલ્ફ ડિફરેન્સ વિશે માહિતી આપેલ તેમજ 181 મહિલા હેલ્પલાઇન તથા 100 નંબર પોલીસની મદદ માર્ગદર્શન આપેલ તેમજ મહિલાઓ ને રસ્તામાં કોઈ આવારા તત્વો કે ટપોરી/ રોમિયો ગીરી કરતા કોઈ ઈસમ હેરાન પરેશાન કરે તો સુરક્ષા સબંધે 100 નંબર પોલીસ મદદ માટે અને 181 મહિલા હેલ્પલાઇન માં ફોન કરી જાણ કરવા માહિતી આપેલ તેમજ પોકસો એકટ કાયદા વિશે માહિતી આપેલ તેમજ 1930 સાયબર ક્રાઇમ અંગે જરૂરી માર્ગદર્શન આપેલ

(૧૪) તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા મફતીયા વિસ્તારમાં સિનિયર સિટીઝનને એકઠા કરી તેની મુલાકાત લીધેલ તેમને તેમના દિકરા કે દિકરાની પત્ની હેરાન પરેશાન કરતા હોય અથવા તેમની પ્રોપર્ટી છીનવી લે તો પોલીસ કંટ્રોલ રૂમમાં 100 નંબરમાં ફોન કરી મદદ મેળવવા માટે સમજ કરેલ અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં મદદ માટે જવા કાયદાકીય માર્ગદર્શન આપેલ. તેમજ તમારા બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હોયતો સાયબર ક્રાઇમ ની અથવા સાયબર હેલ્પ લાઇન નંબર 1930 ની હેલ્પ લાઇન નંબર પર જાણ કરી શકો છો, તેવી સમજ કરી, નવા કાયદા ત્રણ 1 ભારતીય ન્યાય સહિત 2023, 2 ભારતીય નાગરિક સુરક્ષા સહિત 2023, 3 ભારતીય સાક્ષ્ય સહિત 2023 નામના ત્રણ નવા ફોજદારી કાયદા વિષે માહિતગાર કરેલ.

(૧૫) તા.૦૧/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા લેડી હોસ્પિટલે ગયેલ અને હોસ્પિટલના રજીસ્ટરો ચેક કરેલ તેમજ હોસ્પિટલમાં ગર્ભજાતી પરિક્ષણ (બાબો કે બેબી ની તપાસ) કરવામાં આવતી નથી જે બાબતે હોસ્પિટલની મુલાકાત લીધેલ ત્યાં આવું કાઈ જણાય આવે નહીં તેમજ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ બહેનોને ગર્ભ જાતિ પરિક્ષણ ગેરકાયદેસર છે અને સજાપાત્ર ગુનો બને છે જે બાબતની કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ મહિલા ઓને ઘરેલુ હિંસા પતિ કે સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ બહેનોને આપવામાં આવે તો મહિલા પોસ્ટનો સંપર્ક કરવા અને મહિલા હેલ્પલાઇન 181 માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ. તેમજ વાલી દિકરી સરકારી યોજના વિશે માહિતી આપેલ તેમજ દીકરીનો જન્મ થયે ખુશ થવાનું કારણ કે દીકરીએ લક્ષ્મીનો અવતાર છે. તે અંગે સમજ કરેલ.

(૧૬) તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા છાંયા રોડ પર આવેલ " સીધ્ધાર્થ હોસ્પીટલ " ચેક કરેલ તેમજ હોસ્પિટલમાં ગર્ભજાતી પરિક્ષણ (બાબો કે બેબી ની તપાસ) કરવામાં

આવતી નથી જે બાબતે હોસ્પિટલની મુલાકાત લીધેલ તેમજ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ બહેનોને ગર્ભજાતિ પરિક્ષણ ગેરકાયદેસર છે અને સજાપાત્ર ગુનો બને છે જે બાબતની કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ મહિલા ઓને ઘરેલુહિંસા પતિ કે સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ બહેનોને આપવામાં આવે તો મહિલા પોસ્ટનો સંપર્ક કરવા અને મહિલા હેલ્પલાઇન 181 માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ.

(૧૭) તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા છાંયા રોડ પર આવેલ "ભાવસિહજી હોસ્પીટલ " ચેક કરેલ તેમજ હોસ્પિટલમાં ગર્ભજાતી પરિક્ષણ (બાબો કે બેબી ની તપાસ) કરવામાં આવતી નથી જે બાબતે હોસ્પિટલની મુલાકાત લીધેલ તેમજ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ. બહેનોને ગર્ભજાતિ પરિક્ષણ ગેરકાયદેસર છે અને સજાપાત્ર ગુનો બને છે જે બાબતની કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ મહિલા ઓને ઘરેલુ હિંસા પતિ કે સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ બહેનોને આપવામાં આવે તો મહિલા પોસ્ટનો સંપર્ક કરવા અને મહિલા હેલ્પલાઇન 181 માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ.

(૧૮) તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા મીલપરા વિસ્તારમાં કડિયાપ્લોટ મફતીયા પરા વિસ્તાર સિનિયર સિટીઝનની મુલાકાત લીધેલ. સિનિયર સીટીઝનને અમો પ્રેમથી પૂછેલ કે, તમોને તમારા ઘર પરિવારના સભ્યો સારી રીતે સાચવે છે કે નહીં તેમજ તમોને જમવાનું સમયસર આપે છે કે નહીં તમારી તબિયત સારી ન હોય ત્યારે તમને તમારા સંતાનો હોસ્પિટલમાં સારવાર અર્થે તમોને લઈ જાય છે કે નહીં જે બાબતે હાલ ચાલ પુછેલ અને કોઈપણ જાતની તકલીફ હોય તો પોલીસ ને જાણ કરી પોલીસ મદદ મેળવવા બાબતની માહિતી આપેલ. તેમજ પોલીસ કંટ્રોલ રૂમ ને ૧૦૦ ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ અને તેઓને તેમના પરીવાર જનો હેરાન પરેસાન કરે તો 100 હેલ્પ લાઇન નંબરમાં જાણ કરવાની સમજ કરેલ.

(૧૯) તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા લેડી હોસ્પિટલે ગયેલ અને હોસ્પિટલના રજીસ્ટરો ચેક કરેલ તેમજ હોસ્પિટલમાં ગર્ભજાતી પરિક્ષણ (બાબો કે બેબી ની તપાસ) કરવામાં આવતી નથી જે બાબતે હોસ્પિટલની મુલાકાત લીધેલ ત્યાં આવું કાઈ જણાય આવે નહીં તેમજ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ બહેનોને ગર્ભજાતિ પરિક્ષણ ગેરકાયદેસર છે અને સજાપાત્ર ગુનો બને છે જે બાબતની કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ મહિલા ઓને ઘરેલુ હિંસા પતિ કે સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ બહેનોને આપવામાં આવે તો મહિલા પોસ્ટનો સંપર્ક કરવા અને મહિલા હેલ્પલાઇન 181 માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ. તેમજ વાલી દિકરી સરકારી યોજના વિશે માહિતી આપેલ તેમજ દીકરી નો જન્મ થયે ખુશ થવાનું કારણ કે દીકરીએ લક્ષ્મીનો અવતાર છે. તે અંગે સમજ કરેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

**<u>કમલાબાગ પો.સ્ટે:-</u>**

(૧) તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ અરજદાર મહંમદ મુર્તુઝાભાઇ લાંગા ઉ.વ.૨૩ રહે, કુંભારવાડા પાસે પોરબંદર વાળાઓનુ પાકીટ કમલાબાગ સર્કલ પાસે રોડ પર પડી જતા તેમા જરૂરી ડોક્યુમેન્ટ હોય જેથી અરજદાર કમલાબાગ પોલીસ સ્ટેશન આવી નોધ કરાવેલ હોય અને કમલાબાગ પોલીસ સ્ટેશનના વુ.લોકરક્ષક રીટાબેન અરશીભાઇ વાળાઓ એમ.જી.રોડ પર ફુટ પેટ્રોલીંગમા હોય અને આ પાકીગ રોડ પરથી મળી આવેલ હોય અને અરજદારને પોતાનુ પાકીટ પરત સોપવામા આવેલ.

**<u>મહીલા પો.સ્ટે.ઃ</u>**

(૧) તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા MG રોડ પર આવેલ " પ્લેટિનમ એપાર્ટમેન્ટ " તથા " ગુલાબ વિલા એપાર્ટમેન્ટ ની મુલાકાત લઈ સી. સી.ટી. વી. કેમેરા ચાલુ છે કે કેમ તે બાબતેની તથા કેમેરા ચાલુ રાખવા તેમજ તેની યોગ્ય જાળવણી કરવા બાબતે યોગ્ય સલાહ આપવામાં આવી.

(૨) તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા કર્લીના પુલ તથા ગોઢાણીયા કોલેજની નજીક નજીકના વિસ્તારમાં અવાવરૂ જગ્યાયે પેટ્રોલીંગ કરી ત્યા કોઈ નવજાત બાળકોને ત્યજી દેવામા આવેલ નથી જે બાબતે ખરાઈ કરતા આવુ કઈ મળી આવેલ ના હોય.

(૩) તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા એસ.ટી. બસ સ્ટેન્ડ તથા ગોઢાણીયા કૉલેજમાં પેટ્રોલિંગ દરમ્યાન મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. જે બાબતે નોંધ કરેલ.

(૪) તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા રિલાયન્સ મોલમાં કામ કરતી મહીલાની મુલાકાત લઈ તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષીત પહોંચે છે કે કેમ ? તે

બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ. તેમજ રાત્રીના સમયે રસ્તામાં તેમને કોઈ પરેશાન કરતું નથી ને તેમજ જો તેમને રસ્તામાં જતી વખતે કોઈ મુશ્કેલી પડે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવેલ તેમજ મહિલા હેલ્પલાઇન ૧૮૧ માં કોલ કરી મદદ લેવા માહિતગાર કરેલ જે બાબતેની કાયદાકીય માહિતી આપેલ.

(૫) તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ (૧) વ્રજ વિહાર એપાર્ટમેન્ટ (૨) નંદ ઉત્સવ એપાર્ટમેન્ટ (૩) બાલાજી એવનયુ એપાર્ટમેન્ટ (૪) ભવ્ય રેસિડેન્ટ એપાર્ટમેન્ટે જઈને જ્યાં સીક્યુરટી/વોચ મેનની મુલાકાત લીધેલ અને એપાર્ટમેન્ટમાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલ છે કે કેમ તે અંગે ખરાઈ કરેલ તેમજ જો સીસી કેમેરા બંધ હોય તો ચાલુ કરવા માર્ગદર્શન આપેલ.

(૬) તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા વિમાટેમાં કામ કરતી બહેનોને કામ કરતી જગ્યા પર કોઈ હેરાન પરેસાન કરે તો 181/100 નંબરમાં ફોન કરવો ચોપાટી સામે ગ્રાઉન્ડ રામાપીર મંદિર પાછળ વિસ્તારમાં અવાવરૂ જગ્યાએ પેટ્રોલીંગ કરી ત્યા કોઈ નવજાત બાળકોને ત્યજી દેવામા આવેલ નથી જે બાબતે ખરાઈ કરતા આવુ કઈ મળી આવેલ નહી.

(૭) તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા બંગડી બજાર વિસ્તાર કુટ પેટ્રોલિંગ દરમિયાન બજારમાં શક પડતા ટપોરી જેવા દેખાવમાં લાગતા ઈસમોને રોકી પૂછપરછ કરતા આવા કોઈ ટપોરી મળી આવેલ ન હોય તેમજ ચોપાટી ખાતે (1) જુરી વિસ્તાર તથા (2) ઇન્દ્રપ્રસ્થ મંદિર પાસે અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી ને તેની તપાસ કરતા ત્યાં આવું કોઈ નવજાત શીશુ મળી આવેલ નહી. જે બાબતે નોંધ કરી.

(૮) તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા રેલ્વે સ્ટેશન તથા ચોપાટી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય.

(૯) તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા બંગડી બજાર તથા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર